સેક્ટર-૬ના વિશાલ સુપર માર્કેટમાં તસ્કરો ઘુસ્યા : ૨.૧૬ લાખની ચોરી

દુકાનની વેન્ટીલેશન બારીની ગ્રીલ તોડી ચોર ઈસમોએ રોકડની ઉઠાંતરી કરી

ગાંધીનગર, તા. ૨૨

સે. ૬ સ્થિત અપનાબજારમાં આવેલ વિશાલ સુપરમાર્કેટમાં ગઈકાલે રાત્રી દરમિયાન જાણભેદુ તસ્કરોએ હાથફેરો કર્યો હતો. બંધ દુકાનની વેન્ટીલેશન બારીની ગ્રીલ તોડી અંદર ઘુસેલા ચોર ઈસમોએ રૂ. ૨.૧૬ લાખની રોકડની ઉઠાંતરી કરી હતી. પોલીસે ગુનેગારોનું પગેરે શોધવા ડોગસ્કવોડ અને ફીંગર પ્રિન્ટના આધારે તપાસનો દૌર શરૂ કર્યો છે.

સે. ૬માં અપનાબજાર ખાતે આવેલ વિશાલ સુપરમાર્કેટ નામની દુકાનમાં ગઈકાલે મોડી રાત્રિ દરમિયાન તસ્કરો ત્રાટક્યા હતા. ચોરઈસમોએ દુકાનની વેન્ટીલેશન બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. મોકાનો લાભ ઉઠાવી દુકાનમાં ઘુસેલા જાણભેદુ ચોરઈસમો કેશ કાઉન્ટરમાંથી રૂ. ૨.૧૬ લાખની રોકડ મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારના સમયે દુકાનમાલિક નારણભાઈ હરિભાઈ પટેલને બનાવ અંગે જાણ થતા તેમણે આ મામલે સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી ડોગસ્કવોડ અને ફીંગર પ્રિન્ટના આધારે તપાસ હાથ ધરી છે. બનાવ સંદર્ભે ગુનો નોંધી સે. ૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.એમ. ચૌધરીએ ગુનેગારોનું પગેરૂ શોધવા તપાસ આરંભી છે. પોલીસે ગુના સંદર્ભે આસપાસના ઝુંપડાવાસીઓની પણ સઘન પુછતાછ હાથ ધરી છે. જ્યારે દુકાનમાલિકે રાત્રિના દુકાન બંધ કરતા પૂર્વે સી.સી. ટી.વી. કેમેરા ઓફ કરી દેતા ગુનેગારોના ફુટેજ મળી શક્યા નથી.

હજયાત્રીઓને રસી ૨૫ અને ૨૮મી સપ્ટેમ્બરે અપાશે

ગાંધીનગર, તા. ૨૨

ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ માં ગાંધીનગર જિલ્લામાંથી જનાર હજયાત્રીઓ માટે જનરલ હૉસ્પિટલ ગાંધીનગર (સીવીલ) ખાતે રસી આપવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. તા. ૨૫ અને ૨૮ મી સપ્ટેમ્બરે સવારે ૧૦ થી ૧૨ દરમિયાન દરેક હજયાત્રીએ રસી મેળવી લેવા જણાવવામાં આવે છે.

ગાંધીનગર ગણેશ ભક્તિના રંગે રંગાઈ ગયું છે. દર વર્ષના પ્રમાણમાં આ વર્ષે ગણેશ મહોત્સવ સેક્ટરે સેક્ટરે ઉજવાય છે. સેક્ટર-૪, સેક્ટર-૨ અને ૬માં ગણપતિ દાદાની પ્રતિમાઓનું સ્થાપન કરાયું છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા હલદી કંકુ તેમજ વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અંતર્ગત જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે નગરની બહેનો માટે હલદી-કંકુ તેમજ ભજન, આરતી સુશોભન, ફૂલદાની શણગાર અને શ્રીફળ શણગારની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નગરની બહેનો માટે યોજાયેલી સ્પર્ધામાં ૫૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મહારાષ્ટ્રમાં અતિ લોકપ્રિય હલદી કંકુના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. ભજન સ્પર્ધામાં પ્રથમ નંબરે નૈતિક સ્વાસ્થ્ય સંઘ, દ્વિતીય નંબરે રાજપૂત સમાજ, તૃતીય નંબરે તેજસ, ચતુર્થ નંબરે સખી ગ્રૂપ, પાંચમા નંબરે જલારામ ગ્રુપ વિજેતા બન્યું હતું. ભજન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શર્મિષ્ઠાબેન દવે, રક્ષિતાબેન ઉપાધ્યાય અને ઈન્દુમતિબેન નિમાવતે સેવાઓ આપી હતી. આરતી સુશોભન સ્પર્ધામાં પ્રથમ નંબરે કાશીબેન પટેલ, દ્વિતીય નંબરે વસંતબેન જોષી, તૃતીય નંબરે મીનાબેન શાહ વિજેતા થયા હતા. સુશોભન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે હિરલબેન ભટ્ટ અને પાયલ જાનીએ સેવાઓ આપી હતી. ફૂલદાની શણગારમાં પ્રથમ નંબરે મીનાક્ષીબેન પારેખ, દ્વિતીય નંબરે હનીબેન પટેલ, તૃતીય નંબરે જાગૃતિબેન પરીખ તેમજ શ્રીફળ શણગારમાં મિનાક્ષી પારેખ પ્રથમ નંબરે અને બીજા નંબરે નર્મદાબેન પટેલ વિજેતા બન્યા હતા.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા યોજાયેલી સ્પર્ધાઓમાં અરવિંદ કેન્દ્રના જ્યોતિબેન થાનકી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રજ્ઞાબેન જોષી, ડૉ. તેજલ દલાલ, ડૉ. બિંદી ગજ્જર, દિશાબેન પંડ્યા અને હિતેષીબેન ભટ્ટ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રમુખ લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને રક્ષિતાબેન ઉપાધ્યાયે મહેમાનોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા નીરૂબેન નાયક, જ્યોત્સનાબેન મણિયાર, કોકિલાબેન નાયક, રમીલાબેન મિસ્ત્રી, કમળાબેન ગાંધી અને સાબેરાબેન દેસાઈએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વાતિબા રાઓલે કર્યું હતું અને આભારવિધિ કુ. ચેતના બૂચે કરી હતી.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર ખાતે જ્યોતિષીઓનું સંમેલન યોજાયું હતું. ગાંધીનગર, અમદાવાદ અને સૌરાષ્ટ્રમાંથી આવેલા જ્યોતિષીઓએ શાસ્ત્રોક્ત ચર્ચાઓ કરી હતી. હવામાન, રાજકીય અને ખગોરીય ઘટનાઓ સંદર્ભે પણ ગ્રહોની ચાલ અને સંભવિત ઘટનાઓ અંગે વિસ્તૃત વિચાર વિમર્શ કરાયો હતો.

ગાંધીનગરમાં ૨૯મીએ રાજ્ય કક્ષાનો મહિલા સરકારી સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૧૨ના ઉપલક્ષમાં રાજ્ય કક્ષાનો મહિલા સહકારી શૈક્ષણિક સેમિનાર તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના ટાઉનહૉલમાં યોજાયેલ છે.

રાજ્યકક્ષાના મહિલા સહકારી શૈક્ષણિક સેમિનારનું ઉદ્‌ઘાટન રાજ્યપાલ માનનીય મહામહિમ ડૉ. શ્રીમતી કમલાજી બેનીવાલના વરદ હસ્તે કરવામાં આવશે. સમારંભના મુખ્ય મહેમાનપદે ખાણ અને ખનિજ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી શ્રી દિનશા પટેલ, અતિથિ વિશેષ પદે પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહજી વાઘેલા, એન.એસ.યુ.આઈ. નવી દિલ્હીના ઉપપ્રમુખ ડૉ. ચંદ્રપાલસિંહ યાદવ, અતિથિ વિશેષ પદે, ઘનશ્યામભાઈ અમીન ઉપપ્રમુખશ્રી ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને અધ્યક્ષ ગુજરાત રાજ્ય સહકારી સંઘ હાજર રહેનાર છે.

ડૉ. વિકાસબેન દેસાઈ, ચેરમેનશ્રી સુરત મહિલા ઉદ્યોગ સહકારી મંદિર, કુટુંબમાં માતાનું સ્થાન અને મુગ્ધાવસ્થાના બાળકોની સમસ્યાઓ, હિમાંશુ રાઠોડ - મેનેજરશ્રી અમૂલ ડેરી આણંદ, ડેરી ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન, અને વિકાસની તકો, વિષે માહિતી આપશે.

જીવરાજભાઈ વાઘડીયા માનદમંત્રીશ્રી, જુવાનસિંહભાઈ જે. પરમાર, ભીખુભાઈ પટેલ, એ.આર. મંકોડીએ જણાવેલ છે.

સાર્વજનિક ગણેશોત્સવ ઉજવણીના મંગલ પ્રારંભે નામદાર રાજ્યપાલશ્રી શ્રીમતિ કમલાજી ઉપસ્થિત રહ્યા હતાં. દિપ પ્રાગટ્ય બાદ યોજાયેલ સમારંભમાં મહોત્સવ સમિતિના પ્રમુખ નિશીત વ્યાસ સાથે મહામહિમ રાજ્યપાલશ્રીએ ઉજવણી સમિતિની કામગીરીની માહિતી મેળવી હતી તે પ્રસંગની તસવીર.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત પારાયણ કથા સંપન્ન

પાંચ દિવસીય કાર્યક્રમમાં વિવિધ સંસ્કાર સિંચન, રકતદાન અને આંખોની તપાસ કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં પાંચ દિવસીય કથાની પૂર્ણાહુતિ કરતા પ્રજ્ઞાપુત્રી રશ્મિબેન પટેલે દક્ષિણાના રૂપમાં દોષ-ગુર્ગુણ વ્યસનોને ત્યજવા સર્વેજનોને અનુરોધ કર્યો હતો. કથાને ગાયત્રી પરીવાર દ્વારા જનસેવા સાથે જોડી દઈને વિવિધ જનહિતના કાર્યો સંપન્ન કર્યા જેમાં બાળકોમાં સંસ્કાર સિંચન માટે વિદ્યારંભ સંસ્કાર ૧૦૧ બાળકોને, ગર્ભધારણ કરેલી બહેનોને ઉત્તમ સંસ્કાર પ્રાપ્ત થાય માટે પુસંવન સંસ્કાર-૧૧, બાળકોના નામકરણ સંસ્કાર-૨૧ અન્ન પ્રાશન-૨૧ સંપન્ન થયા હતા.

આરોગ્યને ધ્યાનમાં રાખી પરિણીત બહેનોના કેન્સર (ગર્ભાશયના)ની તપાસ કેન્સર સોસાયટી અમદાવાદના સહયોગથી ૭૫ મહિલાઓએ પરિક્ષણ કરાવ્યું હતું. કેન્સર પીડિત વ્યક્તિઓ માટે રકતદાન ઉપ બોટલ આપવામાં આવ્યું હતું. આંખોની તપાસ નિઃશુલ્ક કરવામાં આવી હતી. જેમાં ૩૨૭ વ્યક્તિએ તપાસ કરાવી ૨૧૭ ચશ્માનું વિતરણ કર્યું હતું. મોતીયાના ઓપરેશન માટે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં ૨૧ દર્દીઓએ હાજરી આપી હતી. જયાં વિના મુલ્યે નેત્રમણિ મુકી દ્રષ્ટિ પ્રદાન કરાશે. આ સેવામાં સોલા હોસ્પિટલના ટેકનિકલ અધિકારી આર.કે. પટેલ અને તેમની ટીમે સહયોગ કર્યો હતો.

સમગ્ર આયોજનમાં ગાયત્રી પરીવારને સેક્ટર-૪, ઓમકારેશ્વર મહોવના ટ્રસ્ટીઓ, ભકતો, મહિલા મંડળ, ગણેશોત્સવ, યુવા મંડળ, સહયોગ મંડળ, નવરાત્રી મહોત્સવ સમિતિ, વસાહત મંડળ, પેન્શનર સમાજ વગેરેએ સંપૂર્ણ સહયોગ કરી કથાને સફળતા બક્ષી હતી.

ડ્રીમ લેન્ડ પરિવાર તરફથી સાંઈ મંત્ર લેખનની બુક નિઃશુલ્ક મળશે

ગાંધીનગર, તા. ૨૨

ઈશ્વર તરફની શ્રદ્ધા અને ભક્તિ દરેક વ્યક્તિ જુદી જુદી રીતે પ્રગટ કરતું હોય છે. કોઈ વ્રત, તહેવાર કે પછી ઉપવાસ કરીને તો કોઈ મંત્ર લેખન દ્વારા પોતાની શ્રદ્ધા ભક્તિને ઈશ્વરના ચરણે ધરતા હોય છે.

ડ્રીમ લેન્ડ પરિવાર તરફથી સાંઈ મંત્ર લેખન અને રામ મંત્ર લેખન બુક વિનામુલ્યે પુરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંઈ મંત્ર લેખન કરવા કે રામ મંત્ર લેખનની બુક ડ્રીમ લેન્ડ કન્સલન્ટન્ટ, ૩૦૨, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી સવારે ૧૧ થી ૬ કલાક દરમિયાન મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ભારતીય જનતા પાર્ટી મહાનગર પદયાત્રી સેવા કેન્દ્ર સે. ૧૭માં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય જનતા પાર્ટી મહાનગર પદયાત્રી સેવા કેન્દ્ર ચ રોડ, વિદ્યાભારતી સ્કૂલ પાસે, ચ-૫ ફુવારા, સેક્ટર-૧૭માં કાર્યરત છે. ભક્તિ અને શ્રદ્ધાના સમન્વય સાથે આજે તા. ૨૩મી સપ્ટેમ્બરે રવિવારે રાત્રે ૮ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. દિલીપભારતી ગોસ્વામી બાલકીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે સમગ્ર સુંદરકાંડના પાઠ યોજાશે.

સે. ૨૨માં આવેલી પંચરની દુકાનમાં આધેડે ગળે ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ ખાતે આવેલ માઈક્રો શોપીંગમાં એક આધેડે આજે વહેલી સવારે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે હાલ સેક્ટર-૨૧ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૨ ખાતે ક્રિષ્ના ટાયર પંચર નામની દુકાન ધરાવતા અને ખુબજ ધાર્મિક સ્વભાવના વેલુભાઈ નાયર (રહે સેક્ટર-૨૬ ગાંધીનગર) એ આજે વહેલી સવારે પોતાની દુકાનમાં ધાર્મિક પૂજા-વિધિ કરી ઘરેથી લાવેલી સાડી વડે દુકાનમાં જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા આસપાસના વેપારીઓમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના અંગે ડૉ. બી.કે. સોલંકીએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે આવી આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ વેલુભાઈ નાયર ખુબજ ધાર્મિક સ્વભાવના હતા જેથી આસપાસના વેપારીઆલમમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે. આ અંગે સેક્ટર-૨૧ પોલીસમથકના જમાદાર અજમલભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

આજે ક્ષત્રિય યુવા પરિષદ દ્વારા તનસિંહજી વ્યાખ્યાનમાળા

ગાંધીનગર, તા. ૨૨

શ્રી ક્ષત્રિય યુવા પરિષદ દ્વારા આયોજિત તનસિંહજી વ્યાખ્યાન માળા અંતર્ગત તા. ૨૩મી સપ્ટેમ્બરે સવારે સાડા નવ વાગે ડૉ. મહાવીરસિંહજી ચૌહાણ પૂર્વ ઉપકુલપતિ ઉ. ગુજરાત યુનિવર્સિટીનું સમાજપયોગી વ્યાખ્યાન શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ કાર્યાલય સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ અને દૈનિક 'ધરતીનાં લાલ' પરિવાર તરફથી રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

દૈનિક ધરતીનાં લાલ નાં સ્થાપક તંત્રીશ્રી મગનલાલ એસ. બારોટનાં જન્મદિન નિમિત્તે તથા જાણીતા શિક્ષણ વિદ્ સ્વર્ગસ્થશ્રી સુબોધ કે. નંદાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર જીઆઈડીસી ખાતે એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૨ ને શનિવારે સવારે ૮ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી રકતદાન સતત ચાલુ રહ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ અને અમદાવાદ સિવિલનાં સંયુકત સહયોગથી આયોજીત આ રકતદાન કેમ્પમાં ગાંધીનગર ઉપરાંત કચ્છ, ભૂજ, સોમનાથ વિગેરે સ્થળોએથી પધારેલ રકતદાતાઓએ ઉપસ્થિત રહી રકતદાન કર્યું હતું. જેમાં ૨૧ બહેનોએ અને ૧૯૭ ભાઈઓએ રકતદાન કર્યું હતું.

અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ ગાંધીનગર ડૉ. શ્રી એસ.કે. નંદા કાર્યક્રમનાં ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ નગરની વિવિધ સંસ્થાનાં અગ્રણીઓ તેમજ મહાનુભાવોએ ઉપસ્થિત રહી રકતદાતાઓનાં આ સેવાકાર્યને સરાહનીય પ્રતિસાદ આપ્યો હતો. રકતદાતાઓનાં ઉત્સાહને વધારવા આ પ્રસંગે જાણીતા લોકગાયિકા કવિતા દાસ અને તેમનાં વૃંદ દ્વારા સુંદર ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

'રકતદાન મહાદાન'ની નેમ લઈ છેલ્લા ૪ વર્ષથી આવા સફળ રકતદાન કેમ્પનું આયોજન કરનાર શ્રી પ્રકાશ બારોટ અને શ્રી વિજય બારોટે સર્વે રકતદાતાઓની સેવાકીય લાગણીને વધાવી આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ રકતદાન કેમ્પમાં કચ્છનાં વાલજીભાઈ આહીરે અને પોરબંદરનાં રમેશ ભગથરીયાએ ૬૦ વખત રકતદાન કર્યું હતું. જયારે સૌથી નાની વયની દિકરી કિન્નરી જીલુભા ધાંધલે (૨૦ વર્ષની વય) રકતદાન કર્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૮

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૬ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન : ૮.૧૫, ૮.૧૫
બર્ફી : ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ રડી : ૨.૧૫

સૂર્યા, વાવોલ

હિરોઈન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હમસે ન ટકારાના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ-૩ : ૨.૦૦, ૪.૩૦

વિરાગ, કલોલ

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હૉલ

- છેડાળ પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે.
- સર્વ શિક્ષા અભિયાન વિભાગ દ્વારા કર્મચારીઓનું ગેટ ટુ ગેધરનો કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

ટાઉન હૉલ

- ગુજરાત ટીમ્બર મર્ચન્ટ દ્વારા સંમેલન સવારે ૯.૦૦ કલાકે.
- કલ્ચરલ ફૉરમ ગાંધીનગર દ્વારા પ્રસ્તુત નાટક 'તુ લાજવાબ છે' રાત્રે ૯.૩૦ કલાકે

ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તથા શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા સોમનાથ મહાદેવ, રંગમંચ પાસે, સેકટર -૧૬ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે હલદી-કુમકુમ પુજા. તથા ગણપતિ વિસર્જન બપોરે ૪.૦૦ કલાકે.
- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, ભજન મંડળી ગાંધીનગર દ્વારા ભજનનો કાર્યક્રમ.
- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેકટર -૨૨ના રંગમંચ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે ફિલ્મી ગીત-સંગીત સ્પર્ધા.
- ગણેશ મહોત્સવ નિમિતે ગણેશ યુવક મંડળ દ્વારા શોપીંગ સેન્ટરની સામેના મેદાન સેકટર-૧૪, ખાતે સવારે ૧૦.૦૦ કલાકથી બાળ રમતગમત સ્પર્ધા.

આપની આજ

મેષ : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહે. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. નાણાંભીડ દૂર થઈ શકે છે.

વૃષભ : રોજગારીની નવી તક મળી રહે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આરોગ્ય સંભાળવું.

મિથુન : વેપાર-વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. આવકનાં સ્રોતમાં વધારો થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે હિતશત્રુઓથી સંભાળવું. સમય મધ્યમ.

કર્ક : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

સિંહ : માનસિક ચિંતા હળવી બનતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

કન્યા : વેપાર- નોકરીને લઈને થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. શેર - સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી. નાણાંભીડ દૂર થઈ શકે છે.

તુલા : નાણાંભીડ દૂર થઈ શકે છે.ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ-પ્રાપ્તિમાં સહાયક બની શકે છે. આસ્મિક ધન-લાભ થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : વેપાર -વાણિજ્ય ક્ષેત્રમાં નવા રોકાણો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

ધન : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

મકર : આવક કરતાં ખર્ચના વધે તેની કાળજી લેવી.ભાગ્યોદયની તક મળી રહે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

કુંભ : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે.

મીન : ધર્મ-અધ્યાત્મ ક્ષેત્રે રૂચિ વધતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ.ગોવિંદ દામોદર ઘાટે (ઉ.વ.૭૬), ૨૨ તેજસ સોસાયટી, સે-૩૦, ગાંધીનગર.
- સ્વ. સુશીલાબેન બળવંતરાય ભટ્ટ (ઉ.વ.૮૫), પ્લોટ નં.૧૫૯૮/૧, સે-૨સી, ગાંધીનગર.
- સ્વ. ઠાકોર મણીબેન જવાનજી (ઉ.વ.૮૦) મુ.પો.ધરમપુર (ભૂંડીયા) તા.જી. ગાંધીનગર.
- સ્વ. કંકુબેન જુગાભાઈ ગુર્જર (ઉ.વ.૭૧) ગામ-સરગાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. વેલાયુધન નાયર (ઉ.વ.૫૨) પ્લોટ નં.૩૪૦/૧, સે-૨૬, ગાંધીનગર.
- સ્વ.જેઠીબેન કરમશીભાઈ રબારી (ઉ.વ.૧૦૦) ચ-ટાઈપ, બ્લોક નં.૨૦/૧, સેકટર-૨૯, ગાંધીનગર.